# ગુજરાતી માત્ર ભાષા જ નથી પણ સંસ્કૃતિની સાંકળ છે

ગુજરાતી ભાષાને માત્ર ભાષા તરીકે સિમીત રીતે જોવાનું બંધ કરો. ગુજરાતી ભાષા એ માત્ર ભાષા નથી પણ તે માનવના હૃદયથી હૃદયને જોડનાર અને સંકૃતિને સંસ્કૃતિથી જોડનારી અનોખી કડી છે.

ઉપરોક્ત શબ્દો ગાંધીનગરના અતિથી બનેલા સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષાબેન અડાલજાએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં કહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતી સાહિત્ય એ તેની આગવી ઓળખ આટલા પડકારો વચ્ચે પણ જાળવી રાખી છે એનુ ગૌરવગાન થવું જોઈએ. ગુજરાતી ભાષા ભણવી જ નહિ, બોલવી જોઈએ, લખાવી જોઈએ અને ગુજરાતીની જેમ જીવવી જોઈએ.

તેમણે ગુજરાતી ભાષામાં જ પોતાની પૂત્રી પત્ર લખે તે માટેનો આગ્રહ રાખ્યો છે અને તેથી તેને ગુજરાતી ભાષા શીખવે છે. દિકરી માધવી આજે પણ ફોન કરે તો ગુજરાતીમાં જ એજ લહેકાઓ સાથે વાત કરે છે.

વર્ષાબહેને જણાવ્યું કે ગુજરાતી વિષયને મહારાષ્ટ્ર કોલેજ સ્કૂલને જાકારો અપાઈ રહ્યો છે. સાહિત્યમાં સાગરકથાઓ જે લખાઈ છે તેવી વિશાળ શ્રેણી આજે દુનિયાની અન્ય ભાષાઓ કરતાં વધુ છે.

### રંગભૂમિ છોડવાનો આજે પણ રંજ છે...

ગુજરાતી રંગભૂમિ છોડવાનો આજે પણ મને રંજ છે તેવો નિખાલસ એકરાર કરતાં વર્ષાબેને જણાવ્યું હતું કે રંગભૂમિ પર નાટકો થોડોક શ્વાસ ખાવા ઉભા તા ત્યારે જ ચલચિત્રોના આક્રમણ અને તેમને રંગભૂમિ પર છોડી હતી. સંઘર્ષનો એ કાળ હતો પરંતુ વૈવાહિક જીવનની જવાબદારી સાથે તેઓ તેમાં બહુ સમય ફાળવી શક્યા ન હતા અને તેમણે દુઃખી મને રંગભૂમિ છોડી હતી. તેમણે કહ્યું કે ૨૨ વર્ષની ઉંમરે ચં.મી. મહેતાએ દિલ્હીમાં તેમનો ઈન્ટરવ્યુ લીધો હતો અને નાટક માટે પસંદગી કરી હતી તે તેમના માટે ગૌરવપ્રદ ઘટના હતી.

તેમણે કહ્યું કે તેમને આજે એ વાતનુ દુઃખ છે કે ગુજરાતમાં વસતા અને ગુજરાતી તરીકે ઓળખાતા લોકો કરતાં ગુજરાત બહાર વસેલા લોકો ગુજરાતી ભાષા પ્રત્યે વધારે મમત્વ ધરાવે છે. ગુજરાતીને વધુ ચાહે છે.



ગુજરાતી ભાષા પડકારોની વચ્ચે પણ આગવી ઓળખ જાળવી શકી છે - ગાંધીનગરના અતિથી બનેલા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ વર્ષાબેન અડાલજા સાથેની ગાંધીનગર સમાચારની વિશેષ મુલાકાત

અંગ્રેજી ભાષા સંવાદની ભાષા છે પણ ગુજરાતી એ તો માનવને માનવ સાથે અને સંસ્કૃતિને સંસ્કૃતિ સાથે જોડનારી ભાષા બની વૈશ્વીક સ્તરે ઉભરી છે. ગુજરાતી સાહિત્યમાં સાગરકથાઓની ભરપૂર વાતો લખનાર તેમના પિતા ગુણવંતરાય આચાર્યની જન્મશતાબ્દીની ઉજવણી વિદેશોમાં જે થઈ અને ગુજરાતમાં થઈ તેનાથી તેઓ કૃતજ્ઞતા જરૂર અનુભવે છે પણ વિદેશમાં વસતા ગુજરાતીઓએ તેની ગુજરાત કરતાં સવાઈ ઉજવણી કરી હતી તેનો વિશેષ આનંદ છે.

### ગુજરાતી ભાષા માટે પ્રબળ રાજકીય ઈચ્છા શક્તિ જરૂરી છે

ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક સ્વ. ગુણવંતરાય આચાર્યની જન્મ શતાબ્દીની ઉજવણી લંડનમાં થઈ હતી ત્યારનો એ પ્રસંગ અને ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં નાના-પ્રસંગોના થયેલા આયોજનોએ તેમને હચમચાવી દીધા હતા. ગુજરાતી ભાષા માટે બહાર વસતા ગુજરાતીઓ વધુ મહેનત કરી રહ્યા છે તેવું તેમને લાગ્યું હતું. મહારાષ્ટ્રમાંથી ગુજરાતી વિષયની કરાયેલી બાદબાકી અંગે રાજકીય નેતાઓનું મૌન અને રાજકીય પ્રયાસોમાં ઉદાસીનતાનો રંજ આજે પણ તેમને છે.

ગુજરાતી ભાષાને જાળવવા માટે પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિની જરૂરિયાત પર પણ તેમણે ભાર મુક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતી આપણી ભાષા છે તેના પર આપણને સ્વાભિમાન હોવું જોઈએ.

વિદેશ પ્રવાસનો પ્રસંગ ટાંકી તેમણે કહ્યું કે ફ્રાન્સ ગયા ત્યારે ફ્રેન્ચ ભાષા તેને આવડતી ન હતી ત્યારે ટેક્ષી ડ્રાયવર તેમની સાથે ખપ પુરતી વાત અંગ્રેજીમાં કરતો હતો ત્યારે તેમણે ગુજરાતી કેમ નથી આવડતી તેવા

● અનુસંધાન પાના-૭ પર



**કચરાના અગ્નિ સંસ્કાર :** અંતિમધામની પડખે નદી કિનારે ગાંધીનગરના કચરાને અંતિમ સંસ્કાર કરાય છે. ભલે સુપ્રિમ કોર્ટ જાહેરમાં કચરો સળગાવવાની ના પાડે, ભલે કચરો સળગાવવાથી પ્રદુષણમાં વધારો થતો હોય, ભલે કચરો સળગાવવાથી દુર્ગંધ પ્રસરતી હોય, પરંતુ અમે તો ગાંધીનગરમાં કચરાના અંતિમ સંસ્કાર કરવા ટેવાયેલા છીએ. કચરો સળગાવશું... સળગાવશું... સળગાવશું.... કોઈનું માનીએ, કોઈનું સાંભળીએ તો અમે ગાંધીનગરા શાના ? આ દશ્ય એક નથી ગાંધીનગરમાં ઠેર ઠેર ખૂણે ખાંચરે સત્તા તંત્રના કર્મચારીઓ દ્વારા, ખાનગી સફાઈ કામદારો દ્વારા અને ક્યાંક ક્યાંક વસાહતીઓ દ્વારા કચરાને સામૂહિક અગ્નિ દાહ દેવાય છે. હવે, ઘણું થયું, રોકો, અટકાવો, પ્રદુષણને નાથવા સહયોગ આપો. સુપ્રિમ કોર્ટના આદેશનો આદર કરો, મિડિયાનું માનો, પર્યાવરણવાદીઓનું માનો, સદ્‌વિચારને સ્વિકારો, જાહેરમાં કચરો નહીં સળગાવવાની પ્રતિજ્ઞા લઈએ અને ગાંધીનગરના પર્યાવરણને જાળવવા યોગદાન આપો. (તસવીર : દિપક જાની)

## ગાંધીનગરના વધુ બે યાત્રાળુઓ ચારધામ યાત્રાથી પરત ફર્યા

ગાંધીનગર, તા. ૨૭

મોતને નજરે જોનાર અને પોતાના જીવ હથેળીમાં રાખી આ ઘટનાને નજર સમક્ષ નિહાળી ગાંધીનગરના વધુ બે સ્વજનો આજે ગાંધીનગર પરત ફર્યા છે. તેઓ સ્વામિનારાયણ ધામની પાછળ આવેલ ઈન્દ્રધનુષ સોસાયટીમાં રહેતા જનાર્દન હરિપ્રસાદ જોષી ઉં.વ. ૬૩ તથા તેમના પત્ની હર્ષિદાબેન જનાર્દન જોષી ઉં.વ.૫૯ હેમખેમ પોતાના ઘરે પરત ફર્યા છે.

તેઓ જ્યારે ગાંધીનગર રેલવે સ્ટેશને આવ્યા ત્યારે તેમની સ્વાગત પરાગીબેન પડ્યા (કોર્પોરેટર ગાંધીનગર), આર.એમ. જોષી, મનોજભાઈ મીસ્ત્રી, દિપકભાઈ રાવલ, ગણપતભાઈ પટેલ, ભાવીન ત્રિવેદી, ભાવેશ વ્યાસ, નિલેષ જોષી દ્વારા કરવામાં આવ્યું છે. હજુ આવતીકાલે વધુ ૧૧ યાત્રિકો ગાંધીનગર પરત આવી રહ્યા છે.

# ગુડા વિસ્તારમાં વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુડા વિસ્તારમાં વર્કીંગ વુમન માટે હોસ્ટેલ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે મળેલી ગુડાની બોર્ડ બેઠકમાં આ મામલે નિર્ણય લઈ લેવાયો છે. નોકરી કરતી યુવાન બહેનોને રહેવા માટેની યોગ્ય સગવડ ઉપલબ્ધ થાય તે માટે ટી.પી.૬ના કુડાસણ-સરગાસણ વિસ્તારમાં આ હોસ્ટેલ બનાવવા આયોજન કરવામાં આવ્યું છે.

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો હાથ ધરાયા છે. જેમાં ટી.પી. વિસ્તારમાં રસ્તા અને સ્ટ્રીટલાઈટના કામો ઉપરાંત પાણી-ગટરની સુવિધા માટે પણ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. ગુડા વિસ્તારમાં વિકાસનો નવતર અભિગમ અપનાવી ક્લીનસીટી અને ગ્રીન સીટીના કન્સેપ્ટને આગળ ધપાવવા નવી વ્યવસ્થામાં ગોઠવવામાં આવી છે. સોલીટ વેસ્ટ નિકાલ માટે અદ્યતન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જ્યારે હરિયાળી નિખારવા નવા ઉદ્યાનો બનાવવા પણ કામ હાથ ધરાયું છે.

ગુડાના ચેરમેન અશોક ભાવસાર આગામી દાયકાઓના સમયને ધ્યાને લઈ આયોજનબદ્ધ વિકાસ કામો માટે તત્પર છે. વિકાસના નવતર કામોની આશા વચ્ચે જરૂરિયાતમંદ નાગરિકોનો ખ્યાલ કરવા પણ ગુડાના ડેવલપમેન્ટ પ્લાનમાં વિવિધ કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુડા વિસ્તારમાં લાયબ્રેરી બનાવવા ઉપરાંત હવે મહિલાઓ માટે વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુડાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર વિવિધક્ષેત્રે વતનથી દૂર કામ કરતી મહિલાઓ તેમજ શિક્ષણ મેળવતી યુવતિઓને રહેવાની યોગ્ય સગવડ મળી રહે તે માટે ગુડાના ટી.પી.-૬ વિસ્તારમાં વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવવાનું આયોજન કરી દેવાયું છે. જેથી એકલી રહેતી મહિલાઓને સલામત છત મળી રહેશે. વુમન હોસ્ટેલ બનાવવા ટુંકમાં ડીઝાઈન તૈયાર કરી દેવાશે. અંદાજિત ૨૦૦ જેટલી મહિલાઓને રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ થશે.

## ગુડા ટીપી-૧૯ અને ૬માં નવા બગીચાનું નિર્માણ કરાશે

### ગુડાની બોર્ડ બેઠકમાં લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૭

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. નિયત વિકાસકામોને મંજુરી આપવામાં આવી હતી. ગુડા વિસ્તારમાં સ્થિત ટી.પી.-૧૯ રાયસણ-રાંદેસણ તેમજ ટી.પી.-૬માં નવા બગીચા બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

ન્યૂ ગાંધીનગરમાં આયોજનબધ્ધ વિકાસ કામો હાથ ધરવા આગામી બે દાયકાને ધ્યાને લઈ વિકાસની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. સિમેન્ટ કોંક્રીટની ઈમારતો વચ્ચે હરિયાળી નિખારવા પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયું છે. ગુડા વિસ્તારમાં વૃક્ષોની વનરાજી નિખારવા પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે. જયારે વૃક્ષોના રોપાઓ ઉછેરવા ઉપરાંત ટી.પી. વિસ્તારમાં ગ્રીનપાર્ક બનાવવાની કાર્યયોજના પણ હાથ ધરવામાં આવી છે. વિકસિત ટી.પી. વિસ્તારમાં આમ નાગરિકો માટે નમૂનારૂપ ઉદ્યાન બનાવવાનું કામ શરુ કરી દેવાયું છે. આજે મળેલી બોર્ડ બેઠક દરમિયાન ન્યૂ ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ માટે લાયબ્રેરી બનાવવાની કાર્યયોજનાને મંજુરી આપવામાં આવી હતી. ટૂંકમાં જ આ દીશામાં કામગીરી શરુ કરી દેવાશે જયારે ટી.પી. વિસ્તારમાં નવા ઉદ્યાનો બનાવા પણ નિર્ણય લેવાયો છે. બોર્ડ બેઠક દરમિયાન ટી.પી.-૧૯ અને ટી.પી.-૬ના વિસ્તારમાં નવા ઉદ્યાનો બનાવવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.




## ઉત્તરાખંડ હોનારતના અસરગ્રસ્તોને એલઆઈસી બનતી ત્વરાએ વળતર આપશે

ગાંધીનગર, તા. ૨૭

ઉત્તરાખંડની પૂર હોનારત અને ભૂસ્ખલનના અસરગ્રસ્તોના કલેમ ઝડપથી પાસ થાય તેવા પ્રયાસો એલઆઈસી દ્વારા શરુ કરાયા છે.

ભારતીય જીવન વિમા નિગમ ગાંધીનગર વિભાગના વડા શ્રી એસ.પી.સોમાણીએ એક યાદીમાં જણાવ્યું છે કે ઉત્તરાખંડની હોનારતમાં જીંદગી ગુમાવનારાઓને ભારતીય જીવન વીમા નિગમ શ્રધ્ધાંજલી અર્પણ કરે છે. આ કુદરતી આફતમાં અસર પામેલા વીમેદારો તથા દાવેદારોના દાવાના ત્વરિત નિવારણ તથા ઝડપી વીમા સેવા માટે ભારતીય જીવન વીમા નિગમે રાહત તથા છૂટછાટ જાહેર કરી છે. આ હોનારતમાં અવસાન પામેલા કે ગુમ થયેલા વ્યકિતના કલેમ કેટલીક શરતોને આધિન ત્વરીત પાસ કરાશે. સામાન્ય સંજોગોમાં ગુમ થયેલાઓના કિસ્સામાં સાત વર્ષ પછી કલેમ પાસ થાય છે પરંતુ ઉત્તરાખંડના કિસ્સામાં કેટલીક શરતોને આધિન બનતી ત્વરાએ તેમના કલેમ પાસ કરાશે. અસરગ્રસ્તી વિમેદારો તથા દાવેદારો કોઈ પણ નજીકની શાખા કચેરી, વિકાસ અધિકારી તથા એજન્ટનો સંપર્ક સાધી શકશે.

# ઝૂંપડાવાસીઓની આવાસ યોજનાનું કામ ઓગષ્ટ સુધીમાં પૂર્ણ થશે

### કોલવડા ઝૂંપડા વસાહતમાં રસ્તાનું કામ શરુ કરાયું

ગાંધીનગર, તા. ૨૭

આર્થિક રીતે નબળા ઝૂંપડાવાસીઓ માટે કોલવડામાં આવાસ યોજના બાંધવાનું કામ પૂર્ણતાના આરે છે. રૂ. ૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામતી આયોજનાનું કામ ઓગષ્ટ મહિનામાં પૂર્ણ કરી દેવાશે. ઝૂંપડા વસાહતના વિસ્તારમાં રસ્તાનું કામ પણ શરુ કરી દેવાયું છે.

કોલવડાની સીમમાં ઝૂંપડાવાસીઓ માટે આવાસ બાંધવાનું કામ છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહ્યું છે. ઝૂંપડાવાસીઓ માટે આવાસ બાંધવાના મામલે પ્રારંભિક તબક્કે જગ્યા નિયત કરવાની પ્રક્રિયા વિલંબમાં પડી હતી. આખરે થોડા વિચારના અંતે કોલવડા ગામની સીમમાં આ આવાસ યોજના બાંધવાનું કામ શરુ કરી દેવાયું હતું. રૂ. ૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામતી આ આવાસ યોજનાના લીધે ૮૦૦ જેટલા લાભાર્થીઓને સમાવી લેવાશે. આવાસ યોજનાનું મોટા ભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જયારે આગામી ઓગષ્ટ મહિનામાં આ કામગીરી પૂર્ણ થઈ જશે. ઝુંપડા વસાહતના વિસ્તારમાં હાલ રસ્તાઓ બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. આવાસ યોજના ટૂંકમાં તૈયાર થયા બાદ લાભાર્થીઓને સમાવી લેવાશે. આ ઉપરાંત ગુડા કક્ષાએથી જરુરિયાત લાભાર્થીઓને ધ્યાને લઈને નવા આવાસો બાંધવા પણ આયોજન કરવામાં આવ્યું છે. આવાસ યોજના સંદર્ભે રસ્તાનું કામ પૂર્ણ થયા બાદ સ્ટ્રીટ લાઈટની કામગીરી પણ શરુ કરી દેવાશે.

## બોખીરીયાના મામલે કોંગ્રેસ પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરશે


ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતની ભાજપ સરકારના કેબીનેટ મંત્રી બોખીરીયા ના રાજીનામાની માંગણી કરતું એક આવેદનપત્ર ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ આવતીકાલે રાષ્ટ્રપતિને સુપરત કરશે.

વિપક્ષ કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ આવતીકાલે કોંગ્રેસના ધારાસભ્યનું એક પ્રતિનિધિ મંડળ દિલ્હી જઈને રાષ્ટ્રપતિને મળનાર છે. આ પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપીને ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાને ખનીજ ચોરીમાં કોર્ટે દોષીત ઠેરવ્યા હોઈ મંત્રી પદેથી રાજીનામું આપવાની માંગણી કરવામાં આવશે.

ખનીજ ચોરી કેસમાં પોરબંદર કોર્ટે રાજયના કેબીનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાને દોષીત ઠેરવીને ત્રણ વર્ષની સજા કરી છે. આથી મંત્રી પદેથી બોખીરીયા રાજીનામું આપે તેવી માંગણી સાથે કોંગ્રેસે આંદોલન છેડયું છે.










જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-3ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com